1 (H)

PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ ૫૧     તારીખ: 02/06/2023

રજી. એ. ડી. દ્વારા

પ્રતિ

પ્રતિ

શ્રી જસુભા વેલુભા સરવૈયા

ગામ:- વિંગાબેર

તા અબડાસા

મૉબાઇલ નંબર:- ૮૨૩૮૨૬૬૨૦૭

વિષય:- કેસ નબર પીજી ૦૪/૦૦૫/૨૦૨૨-૨૩

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૪/૦૦૫/૨૦૨૨-૨૩

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, નખત્રાણા

( સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, નલીયા

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email - forumbhuj.pgvcl@gebmail.com.
કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG04-005-2022-23

**જશુભા વેલુભા સરવૈયા**
ગામ:- વિન્ગાબેર, તા.અબડાસા જી:-કચ્છ...............**અરજદાર.**

વિરુધ્ધ

**કાર્યપાલક ઈજનેરશ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, નખત્રાણા -કચ્છ...........**સામાવાળા.**

**બાબત:-** મીનીમમ વીજ બીલમાં રાહત અંગે...

**અરજદાર તરફે** :- **શ્રી જશુભા વેલુભા સરવૈયા**

**સામેવાળાના તરફે :-** એચ.પી.રાઠોડ (કાર્યપાલક ઈજનેર)
**પીજીવીસીએલ નખત્રાણા વિભાગીય કચેરી, નખત્રાણા**

કોરમ:

(૧) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર
(૨) શ્રી એ.એસ.ગુરવા – મેમ્બરટેક

**સુનાવણી સ્થળ:-** કોન્ફરન્સહોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: 30/૦૫/૨૦૨૩

## ઠરાવ

આ કામના અરજદારશ્રી જશુભા વેલુભા સરવૈયા ગામ વિન્ગાબેર તા.અબડાસા મધ્યે ગ્રાહક નંબર ૮૬૫૫૩/૧૦૦૭૧/૩ ખેતીવાડીનું ૩૦ હો.પા.નું કનેક્શન તા.૧૯/૦૮/૨૦૧૪ થી વીજજોડાણ ધરાવે છે.

અરજદારની રજૂઆત મુજબ રૂ ૩૬૦૦૦/-ભરીને એમણે સદરહુ ખેતીવાડીનું વીજ કનેક્શન લીધેલ અને સદરહુ કનેક્શન લાગેલ ન હોવા છતાં રૂ.૨૩૫૦૭/- ભરપાઈ કરવાનું જણાવવામાં આવેલ અને ઉપરોક્ત રકમ અમે ભરપાઈ કરવા તૈયાર હોવા છતાં પીજીવીસીએલ દ્વારા આ કનેક્શન તમારો રદ છે એમ જણાવવામાં આવેલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને કનેક્શન માટે સરળ પદ્ધતિ કરવામાં આવે છે.

બીજી તરફ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા રકમ ભરપાઈ કરવા છતાં ટીસી લગાવી કનેક્શન રદ કરેલ છે જે માટે અમે રૂ.૨૩૫૦૭/- ભરપાઈ કરવા તૈયાર છીએ પરંતુ કનેક્શન મારો ચાલુ થવા યોગ્ય કરવા વિનંતી છે.

બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત એવી છે કે સદરહુ અરજદારનું ૩૦ હો.પા.નું વીજ કનેક્શનનું કામ તા.૧૯/૦૮/૨૦૧૪ના રોજ ગામ વિન્ગાબેર,નલીયા પેટાવિભાગીય કચેરીમાં પુર્ણ કરવામાં આવેલ છે. સદરહુ વીજજોડાણ માટે લગાડવાનું મીટર અરજદારના ભાઈઓ દ્વારા જમીનના વિવાદને કારણે સ્થળ ઉપર મીટર લગાડવા પુરતા પ્રયત્ન કર્યાં બાદ પણ અરજદારના અસહકાર ભર્યા વલણને કારણે સ્થળ ઉપર મીટર લગાવી શકાયેલ નથી.અને આથી કંપનીના નિયમ મુજબ મીનીમમ બીલ ચાલુ કરવામાં આવેલ અને આજદીન સુધી સદરહુ મીનીમમ બીલની રકમ ભરપાઇ ન થતા સદરહુ વીજ જોડાણ તારીખ ૧૮/૦૩/૨૦૨૦ ના રોજ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે અને કંપની ના નિયમ મુજબ હવે મીનીમમ ચાર્જ ની રકમ વ્યાજ સહીત ભરપાઈ કર્યાં બાદ અને અરજદારના નામના અન્ય કનેક્શનમાં રહેલ લેણું ભરપાઈ કર્યા બાદ કંપનીના નિયમ મુજબ અને પરિપત્ર મુજબની પ્રક્રિયા કરીને જરૂરી જોતા તમામ આધાર પુરાવાઓ સાથે પુનઃ જોડાણમાં જરૂરી ભાવપત્રક ભર્યા બાદ સદરહુ વીજ કનેક્શન પુનઃ ચાલુ થઇ શકશે.

બન્ને પક્ષકારોની રજૂઆત જોતા મોટાભાગની હકીકત પીજીવીસીએલ દ્વારા કનેક્શન આપવા જતા સદરહુ અરજદારના ભાઈઓ દ્વારા જમીન વિવાદને કારણે મીટર લગાડવા ન આપતા પીજીવીસીએલ કંપનીના નિયમ મુજબ મીનીમમ બીલની રકમ ચાલુ થઇ જતા સદરહુ મીનીમમ બીલની રકમ રૂ.૨૩૫૦૭/- ફરિયાદી દ્વારા ભરપાઈ ન થતાં સદરહુ વીજ કનેક્શન પીજીવીસીએલ તરફથી રદ થઇ જતા સદરહુ ફરિયાદ ઉદભવી છે.

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

પીજીવીસીએલ તરફથી સદરહુ ફરિયાદીને આપવામાં આવેલ વીજ મીનીમમ બીલ નિયમ મુજબના છે.અને ફરિયાદી દ્વારા સદરહુ વીજ બીલ વ્યાજ સહીત ભર્યા બાદ કંપનીના પરિપત્ર મુજબની પ્રક્રિયા કરીને જરૂરી જોતા તમામ આધાર પુરાવાઓ સાથે ફરિયાદી દ્વારા પુનઃ જોડાણની અરજી કર્યા બાદ પુનઃ જોડાણ માટે ભરવાપાત્ર ભાવપત્રક ફરિયાદી દ્વારા ભરપાઈ થયા બાદ પીજીવીસીએલ સદરહુ વીજ કનેક્શન પુનઃચાલુ કરવો.

- .અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૩૦/૦૫/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એ.એસ.ગુરવા)
મેમ્બર ટેક

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- ૩૦માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -૩,ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫